(C.P.C. Schedule 1, Appendix. G. No.9.) Civ. A 42g

# <u>અપીલમાં હુકમનામુ</u>

અપીલમાં હુકમનામુ
(ઓ. ૪૧, કા. ૩૫)
(ફોર્મ નં. ૯ પુરવણી ગ, શેડયુલ ૧)

## મે. વલસાડના ચોથા એડી. ડિસ્ટ્રીકટ જજ શ્રીમતી પી.એસ. સૈની સાહેબની કોર્ટમાં, મુ.વાપી

**રેગ્યુલર સિવીલ અપીલ નંબર ૨૪/૨૦૨૦(નવો)**
રેગ્યુલર સિવીલ અપીલ નંબર ૧૩/૨૦૦૮(જુનુ)

**આંક :-૧૭**

એપેલન્ટ : **મોરારભાઈ લાલભાઈ ભંડારી (એબેટ)ના વારસો**
**<u>(મુળ પ્રતિવાદીઓ</u>)**

(મુળ પ્રતિવાદી નં. ૧/૧) (૧) **મણીબેન ઉર્ફે મીઠલીબેન મોરારભાઈ લાલભાઈ ની વિધવા**
ઉ.આ.વ. પુખ્તવયના, ધંધો - ઘરકામ,
રહેવાસી - ઉદવાડા ગામ, ભંડારવાડ,
તાલુકા - પારડી, જિ. વલસાડ

(મુળ પ્રતિવાદી નં. ૧/૨) (૨) **વિનોદ ઉર્ફે નારણભાઈ મોરારભાઈ**
ઉ.આ.વ. પુખ્તવયના, ધંધો - વેપાર,
રહેવાસી - ઉદવાડા ગામ, ભંડારવાડ,
તાલુકા - પારડી, જિ. વલસાડ

(મુળ પ્રતિવાદી નં. ૧/૩) (૩) **મંજુલાબેન મણીલાલ ભંડારી**
ઉ.આ.વ. પુખ્તવયના, ધંધો - ઘરકામ,
રહેવાસી - બલીઠા, કવોરીની પાછળ,
તાલુકા - પારડી, જિ. વલસાડ

(મુળ પ્રતિવાદી નં. ૧/૪) (૪) **પુષ્પાબેન હિતેનભાઈ ભંડારી**
ઉ.આ.વ. પુખ્તવયના, ધંધો - ઘરકામ,
રહેવાસી - સલવાવ, ભંડારવાડ,
તાલુકા - પારડી, જિ. વલસાડ

(મુળ પ્રતિવાદી નં. ૧/૬)　　(૫) **ધનુબેન ઠાકોરભાઈ ભંડારી**
ઉ.આ.વ. પુખ્તવયના, ધંધો - ઘરકામ,
રહેવાસી - કોટલાવ ફળીયુ, ઉમરસાડી,
તાલુકા - પારડી, જિ. વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા (મુળ વાદીઓ)**　　(૧) **શ્રી પ્રહલાદ સુખલાલ યાદવ**
ઉ.આ.વ. પુખ્તવયના, ધંધો - ખેતી,
રહેવાસી - ઉદવાડા ગામ,
તાલુકા - પારડી, જિ. વલસાડ

(મુળ પ્રતિવાદી નં. ૧/૫)　　(૨) **દક્ષાબેન જીતુભાઈ ભંડારી**
ઉ.આ.વ. પુખ્તવયના, ધંધો - ઘરકામ,
રહેવાસી - વિરમગામ

---

**એપેલન્ટો તરફે :- વિ. વ. શ્રી : એન. જે. શ્રોફ**
**સામાવાળાઓ તરફે :- વિ. વ. શ્રી : જે. એલ. ગાંધી**

---

| | | |
|---|---|---|
| **અપીલ રજુ કર્યાની તારીખ** | : | **તા.૨૮મી,** માહે: **જાન્યુઆરી,** સને **૨૦૦૮** |
| **અપીલ દાખલ કર્યા તારીખ** | : | **તા.૨૮મી,** માહે: **જાન્યુઆરી,** સને **૨૦૦૮** |
| **અપીલ દાખલ કર્યા તારીખ (નવો નંબર)** | : | **તા. ૩૧મી,** માહે: **જાન્યુઆરી,** સને **૨૦૨૦** |
| **અપીલ ફેસલ કર્યાની તારીખ** | : | **તા.૩૦મી,** માહે:**જુન,** સને **૨૦૨૩** |

---

અપીલ : *પારડીના મે. પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબની કોર્ટમા રેગ્યુલર દિવાની મુકદમા નંબર : ૧૭૦/૧૯૯૭ ના કામે તા : ૨૮-૧૨-૨૦૦૭ ના રોજ આપવામાં આવેલ ચુકાદા તથા હુકમનામા વિરુધ્ધ......*

---

**૧.** રેગ્યુલર દિવાની મુકદમા નંબર : ૧૭૦/૧૯૯૭ ના કામે પારડીના મે. પ્રિન્સીપાલ સિવિલ જજ (હવે પછી વિધ્ધવાન ટ્રાયલ કોર્ટ તરીકે સંબોધવામાં આવે છે) નાઓએ તારીખ : ૨૮-૧૨-૨૦૦૭ ના રોજ કરેલ હુકમ અને

હુકમનામા વિરુધ્ધ હાલની અપીલ એપેલન્ટ મુળ પ્રતિવાદીઓએ દાખલ કરેલ છે.

૨. હાલના એપેલન્ટો ટ્રાયલ કોર્ટ સમક્ષના મુળ પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૪ તથા ૧/૬ નાઓ છે તથા સમાવાળા નં. ૧ ટ્રાયલ કોર્ટ સમક્ષના મુળ વાદી તથા સામાવાળા નં. ૨ પ્રતિવાદી નં. ૧/૫ છે (જેઓને હવે પછી ટ્રાયલ કોર્ટ સમક્ષના પ્રતિવાદીઓ તથા વાદી તરીકે સંબોધવામાં આવશે).

(૧) **આ કામે એપેલન્ટની અપીલની ટુંકમા વિગત એવી છે કે** મોજે પારડી તાલુકાના ઉદવાડા ખાતે આવેલ ગામઠામ નંબર ૧૬૪ થી નોંધાયેલી ક્ષેત્રફળ ૪૫૬.૫૩ ચો.વાર વાળી ખુલ્લી જમીન જે - ગુલબાનુ શાવકશા બમનજી પદમજીની માલીકીની અને કબજાની ચાલી આવેલ તે જમીન બીજી મીલકત ભેગી તેમની પાસેથી વાદીએ તા. ૦૫-૧૨-૧૯૭૯ ના રોજ કાયદેસરના રજીસ્ટર દસ્તાવેજથી કુલ્લે રુ. ૨,૯૯૯/- ખરીદ કરેલી અને કબજો લીધેલ જેનો દસ્તાવેજ પારડીના સબ. રજીસ્ટારશ્રીની કચેરીમાં અનુક્રમે નંબર – ૧૨૪૯ થી તા. ૦૫-૧૨-૧૯૭૯ ના રોજ નોંધાયેલ અને તે આધારે વાદી ઉપરોક્ત મીલકતના માલીક બનેલ અને ગામઠામ રેકર્ડમા-માલીક અને કબજેદાર તરીકે ફેરફાર થયેલ. ઉદવાડા ગામે સીટી સર્વે પ્રથા દાખલ થતા ઉપરોક્ત જમીનનું સીટી સર્વેમાં રૂપાંતર કરવામાં આવેલ અને તેવા રૂપાંતરમાં ઉપરોક્ત ગામઠામની જમીનના જે સીટી સર્વે નંબરો આપેલ તે સીટી સર્વેનું ૧૩૧૨ ક્ષેત્રફળ – ૫૪.૦૦ ચો. મી., સી.સ.નં. ૧૩૧૩ ક્ષેત્રફળ – ૩૭.૩૮ ચો.મી., સી.સરવે નંબર – ૧૩૧૪ ક્ષેત્રફળ – ૩૭.૩૮ ચો.મી., સી.સ.નં. ૧૩૧૫ ક્ષેત્રફળ – ૨૭૦.૨૭ ચો.મી. એ રીતે નંબરો આપવામાં આવેલ અને તે ચારેય નંબરોનું એકત્રીકરણ કરતો હુકમ મે. સીટી સર્વે સુપ્રી. સાહેબે તેમના તા. ૦૪-૦૭-૧૯૯૧ ના રોજના હુકમ નંબર - સી. ટી. એસ./વશી/૩૮/૯૧ થી સીટી સર્વે નંબર ૧૩૧૨ ક્ષેત્રફળ ૩૯૯.૦૩ ચો. મી. એ રીતે અપાયેલ અને તે રીતે ગામઠામ નંબર – ૧૬૪ વાળી જમીન સીટી સર્વે રેકર્ડમાં સીટી સર્વે નંબર ૧૩૧૨ થી નોંધાયેલી છે. પ્રતિવાદીને આ મીલકત જોડે કોઇ લેવા દેવા નથી કે કોઇ હિત હક્ક, સબંધ નથી. સદરહું સીટી સર્વે નંબર – ૧૩૧૨ ની દક્ષીણ દિશાએ - લાગુ પ્રતિવાદીની મીલકત આવેલી છે એટલે કે પ્રતિવાદીની મિલકતની ઉત્તર દિશાએ વાદીની મીલકત આવેલી છે તે મીલકત તા. ૦૫-૧૨-૧૯૭૯ ના રોજ વેચાણ દસ્તાવેજ થી ખરીદ કરેલ અને કબજો લીધેલ હોવાથી ઉપરોક્ત મીલકત પૈકી કેટલીક જમીન પ્રતિવાદીએ આશરા પડતુક્ષેત્રફળ જણાવી ખોટી રીતે જમીન ઝુંટવી લેવા ના બદઇરાદે સને ૧૯૮૦ ની સાલમાં વાદી વિરુધ્ધ ગણોતધારાની કલમ – ૧૭ (બી) હેઠળ પ્રતિવાદી વાદીના ગણોતીયા છે અને ગણોત હક્કથી કબજો ધરાવે છે તે રીતે એક ગે. કા. ની અરજી પારડીના મામલતદાર અને કૃષિપંચ સાહેબની કોર્ટમાં ટેનન્સી કેસ નંબર – ૭૯૮૭/૧૯૮૦ થી દાખલ કરેલ અને તે ચાલુ અરજીના કામે ખોટી રીતે કબજો બતાવવાના બદહેતુથી ઉપરોક્ત જમીન પૈકી દાવામાં જણાવવામાં આવેલ વર્ણનવાળી મીલકતમાં જમીનનું દબાણ માહે એપ્રિલ સને ૧૯૮૧ ના અરસામાં કરેલ અને પ્રતિવાદીએ જમીનના કાયદેસરના હક્ક ધારણ કરેલ હોય તે રીતે વર્તન કરવા માંડેલા પરંતુ પ્રતિવાદીએ વાદી વિરુધ્ધ ટેનન્સી કોર્ટમાં કેસ કરેલ હોય તેની કાર્યવાહી ચાલુ હોવાના કારણે વાદીએ કોઇપણ

પ્રકારની તકરારમાં પડવાનું મુનાસીબ માની ટેનન્સી કોર્ટમાં બચાવ લેવાનું મુનાસીબ માનેલ અને તે રીતે ટેનન્સી કોર્ટમાં પ્રતિવાદીએ જે રજુઆત કરેલ તે ધ્યાનમાં લેવામાં આવેલ નહી અને તે કાયદેસરના હુકમથી રદ કરેલી જેની સામે પ્રતિવાદી તરફથી ઉપલી કોર્ટમાં કાર્યવાહી કરવામાં આવેલ તેમાં પણ તા. ૦૯-૧૧-૧૯૮૭ ના રોજ પ્રતિવાદીની વિરુધ્ધમાં ચુકાદા આવેલ અને પ્રતિવાદીને ગણોતીયા તરીકે માન્ય રાખેલા નહી. ચાલુ કેસે પ્રતિવાદીએ દાવામાં જણાવેલ ક્ષેત્રફળ વાળી જમીનનો ગેરકાયદેસરનો કબજો કરી લીધેલ અને તા. ૦૯-૧૧-૧૯૮૭ ના રોજ પ્રતિવાદીની વિરુધ્ધમાં ચુકાદો આવતાં તેઓએ કબજો છોડી દેવા જણાવવામાં આવેલ હોવા છતાં તેઓએ કબજો છોડેલ નહી અને વાદીએ ઉપજનુ નુકસાન કરી રહેલ છે. વાદીએ પ્રતિવાદીને વારંવાર તેઓનો ગે.કા. નો કબજો છોડી દેવા વિનંતી કરેલ હોવા છતાં તેઓએ કોઇ દાદ નહી આપતા તા. ૨૬-૦૧-૧૯૯૭ ના રોજ વકીલ મારફતે એક નોટીસ આ કામના પ્રતિવાદીને આપવામાં આવેલ અને તેમાં કબજો સુપરત કરવાની તથા તેઓના ગે. કા. કબજાને કારણે દર માસે રુ. ૧૦૦/- પ્રમાણે ઉપજનું નુકસાન થતુ હોવાથી તેની પણ માંગણી કરેલી જે નોટીસ પ્રતિવાદીને બજી ગયેલ હોવા છતાં તેઓએ કોઇ અમલ નહી કરેલ અને તા. ૦૧-૦૨-૧૯૯૭ થી તા. ૩૦-૦૯-૧૯૯૭ સુધી કુલે આઠ માસના માસીક રુ. ૧૦૦/- લેખે રુ. ૮૦૦/- પુરા ઉપજની નુકસાની સાથે મીલકતનો કબજો મેળવવા દાવો કર્યો છે અને તે સબબ દાવા અરજીના પેરા - ૧૦ માં ૧૦/૧ થી ૧૦/૫ સુધીની દાદ માગેલ છે તથા સદરહુ દાવાવાળી મીલકત સીટી સર્વે નંબર – ૧૩૧૨ ક્ષેત્રફળ – ૩૯૯.૦૩ ચો. મી. પૈકી ૧૨૭.૦૩ ચો. મી. જમીન જેની ચતુર્થદિશા મુજબ પુર્વે - સીટી સર્વે નંબર ૧૩૧૨ વાળી જમીન, પશ્ચિમે - સીટી સર્વે નં. ૧૩૧૨ ની બાકીની જમીન ઉત્તરે - સીટી સર્વે નં. ૪૮૩ અને દક્ષિણે સીટી સર્વે નં. ૪૪૭ વાળી જમીન આવેલી છે તે પૈકીની દાવામાં જણાવવામાં આવેલ જમીન જમીનનો કબજો તથા તે પૈકીની ઉપજની રકમ સાથે વસુલ મેળવવા માંગણી કરતો દાવો એપેલન્ટો /પ્રતિવાદીઓ સામે કરેલ હતો.

3. સદર કામે વાદીનો દાવો ટ્રાયલ કોર્ટમાં રજુ થતા સદરહુ દાવા સબબ પ્રતિવાદીઓને સમન્સ કરતા તેઓ ટ્રાયલ કોર્ટમાં તેઓના વિ.વ.શ્રી સાથે હાજર થઇ આંક – ૪૬ થી તેઓનો જબાબ રજુ કરેલ અને તેવી હકીકત જણાવેલ કે , વાદીનો દાવો ખરો નથી અને કબુલ નથી કે કાયદામાં ચાલી શકે તેમ ન હોય દાવો રદ કરવા વિનંતી કરેલ. દાવા અરજીના પેરા - ૧ ની હકીકત અંગે ગામઠાણ નંબર -૧૬૪ વાળી જમીન ગુલબાનુ શાવકશા બમનજી પદમજીની ચાલી આવેલ હોવાની હકીકત ખરી નહી હોવાનુ અને વાદીએ તા. ૦૫-૧૨-૧૯૭૯ ના રોજનો કહેવાતો વેચાણ દસ્તાવેજ કહેવાતા માલીક પાસેથી કરાવેલ છે તે કાયદેસરનો નહી હોવાનો અને મજકુર દસ્તાવેજ આધારે મીલકતનો કબજો મીલકતના કહેવાતા - અગ્રહકકધારીઓ પાસેથી મેળવેલાની હકીકત ખરી નહી હોવાનુ અને આવી તમામ હકીકતો ઉપજાવી કાઢેલ હોવાનુ ટ્રાયલ કોર્ટ સમક્ષ જણાવેલ.

3. મૌખિક અને દસ્તાવેજી પુરાવાને ધ્યાને લઇ નામદાર વિધ્ધવાન ટ્રાયલ કોર્ટે એપેલેન્ટો/પ્રતિવાદીઓ નાઓ સામે

રીસ્પોન્ડન્ટ/વાદી નો દાવો ખર્ચ સાથે મંજુર કરવામાં આવેલ અને એપેલેન્ટો/પ્રતિવાદીઓ દાવાવાળી જમીનનો શાંત અને પ્રત્યક્ષ કબજો પ્રતિવાદીઓએ વાદીને સોંપવો અને વાદીને તા. ૦૧-૦૨-૧૯૯૭ થી માસિક રુ. ૧૦૦/- લેખે દર માસે તા. ૩૦-૦૯-૧૯૯૭ સુધી તેમજ આજ તારીખથી કબજો સુપરત ન થાય ત્યાં સુધી ઉપજ મેળવવા હકકદાર હોવાનુ હુકમ કરેલ જે હુકમ વિરુધ્ધ હાલના એપેલેન્ટોએ હાલની આ અપીલ નીચે મુજબ કારણોથી કરેલ છે.

## (2) અપીલના કારણો :

1. નીચલી કોર્ટનુ જજમેન્ટ તથા હુકમનામું ખોટુ ગેરકાયદેસરજુ હોય, રદ થવાને પાત્ર છે.
2. નીચલી કોર્ટનુ જજમેન્ટ તથા હુકમનામું કેસમાં પડેલ પુરાવાઓ વિરુધ્ધનું તેમજ કાયદાના પ્રસ્થાતિત સિધ્ધાંતો વિરુધ્ધનું હોય રદ થવાને પાત્ર છે.
3. નીચલી કોર્ટે તેમના જજમેન્ટમા કોઇ કાયદેસરના કારણો જણાવેલ ન હોય, સદર જજમેન્ટ તથા હુકમનામું રદ થવાને પાત્ર છે.
4. નીચલી કોર્ટે કેસમા પડેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું યોગ્ય રીતે મૂલ્યાંકન કર્યા વીના જજમેન્ટ તથા હુકમનામું કરેલ છે, જે રદ થવાને પાત્ર છે.
5. નીચલી કોર્ટે વાદીનો દાવો મુદ્દત બહારનો હોવા છતાં સદર હકીકત નહી માનીને ખોટુ અને ગેરકાયદેસરનું જજમેન્ટ તથા હુકમનામું કરેલ છે, જે રદ થવાને પાત્ર છે.
6. નીચલી કોર્ટે દાવાવાળી મીલકત ઉપર પ્રતિવાદીનો માલીક તરીકે કબજો વહીવટ ચાલી આવેલાની હકીકત નહી માનીને વાદીનો દાવો મંજુર કરવામાં ગંભીર ભુલ કરેલી છે.
7. નીચલી કોર્ટે દાવાવાળી મુળ ગામઠામ નં.૧૬૪ વાળી મીલકતના માલીક ગુલબાનુ સાવકશાહ ન હોવાની હકીકત નહી માનીને વાદીનો દાવો ગેરકાયદેસર રીતે મંજુર કરેલ છે.
8. નીચલી કોર્ટે મુળ ગામઠામ નં.૧૬૪ વાળી મીલકત સરકારી માલીકીની હોવાની હકીકત નહી માનીને ખોટો અને ગેરકાયદેસરનું જજમેન્ટ કરેલ છે.
9. નીચલી કોર્ટે વાદી તરફથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તેમજ કહેવાતો પાવર ઓફ એટર્ની દાવાના કામે રજુ કરેલ ન હોવા છતાં વાદી વિરુધ્ધ વિરુધ્ધનું અનુમાન દોરી વાદીનો દાવો રદ કરવો જોઇતો હતો.

10. નીચલી કોર્ટે પ્રતિવાદીના ઘરગાળા ગામઠણ નં. ૧૬૪ ની મીલકતમાં આવેલી હોવાની અને દાવાવાળી વાડાવાળી મીલકત ગામઠણ નં. ૧૬૪ માં આવેલ હોવાની અને સદર મીલકતમાં પ્રતિવાદીઓનો કબજો ૭૦ કરતાં વધુ વર્ષોથી ચાલી આવેલાની હકીકત નહી માનીને વાદીનો દાવો ગેરકાયદેસર રીતે મંજુર કરેલો છે.

11. નીચલી કોર્ટે ગુજરાત રાજ્યના મહેસુલ વિભાગના ખાસ સચિવના તા. ૨૮/૦૩/૧૯૮૯ ના રોજના હુકમને ધ્યાનમાં લીધા વિના વાદીનો દાવો મંજુર કરવામાં કાયદાની ગંભીર ભુલ કરેલી છે.

12. નીચલી કોર્ટે ટેનન્સી કોર્ટના ચુકાદાનુ ખોટુ અર્થઘટન કરી વાદીનો દાવો ગેરકાયદેસર રીતે મંજુર કરેલ છે.

13. નીચલી કોર્ટે દાવાવાળી મીલકતમાં વાદીનો કબજો વહીવટ ચાલી આવેલ ન હોવાની હકીકત નહી માનીને વાદીનો દાવો ગેરકાયદેસર રીતે મંજુર કરેલો છે.

14. નીચલી કોર્ટનું જજમેન્ટ તથા હુકમનામું ન્યાય સમન્યાય તથા કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરુધ્ધનું હોય, રદ થવાને પાત્ર છે.

(૩) **મુદતનો બાધ:** એપેલન્ટે તેમની અરજીમાં જણાવ્યા મુજબ હાલની અપીલને મુદતનો બાધ નડતો નથી આ અપીલ મુદતની અંદર કરી છે.

૩. **અપીલનો આંક તથા કોર્ટ ફી :** એપેલન્ટે ટ્રાયલ કોર્ટ સમક્ષ દાવાનો મુળ આંક રૂ.૨૧૦૦/-નો બાંધેલ. જે વેલ્યુએશન મુજબ ભરેલ કોર્ટ ફી મુજબ હાલના અપીલના કામે આંક રૂ.૨૧૦૦/-ગણી તેના ઉપર રૂ. ૩૦૦/- નો કોર્ટ ફી સ્ટેમ્પ રજુ કરેલ છે.

૪. **કોર્ટની હકુકત :** આ અપીલ સાંભળવા તથા નિર્ણય કરવા નામદાર કોર્ટને હકુમત છે.

૫. એપેલન્ટે આ અપીલની સાથે ટ્રાયલ કોર્ટના ચુકાદા અને હુકમનામાની ખરી નકલ રજુ કરી છે.

૬. **અપીલમાં માંગેલ દાદ :** એપેલન્ટ તરફે દાદ માંગેલ છે કે,

**૬ આ કામે એપેલન્ટે અપીલ અરજીથી દાદ માંગેલ છે કે..**

(૧) એપેલન્ટની આ અપીલ મંજુર કરી નીચલી કોર્ટનો રે.દિ.મુ.નં.૧૭૦/૧૯૯૭ના કામે તા.૨૮/૧૨/૨૦૦૭ના રોજ કરેલ જજમેન્ટ તથા હુકમનામુ રદ કરી વાદીનો મુળદાવો ન્યાયના હિતમાં રદ કરશોજી.

(૨) આ અપીલનો ખર્ચ રીસ્પોડન્ટ પાસેથી અપાવો.

(૩) નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી બીજી દાદ અગર દાદો અપાવશોજી.

2. JUDGEMENT :

1. હાલની આ અપીલ દાખલ કરતા સામાવાળાઓને નોટીસ બજતા તેઓ તરફે વિ.વ.શ્રી જે. એલ. ગાંધી હાજર થયેલા છે અને વિ. ટ્રાયલ કોર્ટનું રેકર્ડ અને પ્રોસીડીંગ્સ મંગાવવામાં આવેલ છે અને અપીલની પેન્ડન્સી દરમ્યાન અપીલ અત્રેની કોર્ટ સમક્ષ ટ્રાન્સફર થયેલ છે.

2. આ કામે એપેલન્ટો તરફે વિ.વ.શ્રીએ આંક-૧૫ થી લેખીત દલીલો રજુ કરેલ છે. અને પોતાની લેખીત દલીલમાં જણાવે છે કે, વાદીએ દાવાના કામે કહેવાતો તા. ૦૫-૧૨-૧૯૭૯ ના રોજનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રજુ કરેલ નથી. વાદીએ ગામઠાણ નં. ૧૬૪ વાળી મિલક્ત ખરીદ કરી ત્યારે સદર મિલકત ગુલબાનુ શાવકશા પદમજીના નામે માલિક તરીકે ચાલતી ન હતી. પરંતુ સરકારી દફતરે સદર મિલકત સરકારી હોવાનો ઉલ્લેખ છે. મજકુર વેચાણની જે ફેરફાર એન્ટ્રી નં. ૧૦૮૦ ની જે નોંધ પાડવામાં આવેલી તે અંગે ગુલબાનું શાવકશા પદમજીએ મામલતદારને પત્ર લખી જણાવેલુ કે, તેણીએ મિલકત વેચાણ કરવા માટેનો કહેવાતો કોઇ પાવર ઓફ એટર્ની નાદીરશા એરચશા પારડીવાલાને લખી આપેલ નથી. તેમજ વાદીએ તેવો કોઇ કહેવાતો પાવર ઓફ એટર્ની દાવાના કામે રજુ કરેલ નથી. વાદીએ દાવા અરજીમાં ૧૨૭.૦૩ ચો.મી. ક્ષેત્રફળના કબનાની માંગણી કરી છે. તે દર્શાવવા માટે વાદી તરફથી કોઇ આધાર પુરાવો કે દસ્તાવેજ રજુ કરવામાં આવેલ નથી. તેમજ તેવી જમીન અંગે કોર્ટ કમીશનરનો રીપોર્ટ પણ રજુ કરેલો નથી જેથી ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને લઇ આ અપીલ મંજુર કરી નીચલી કોર્ટનો રે. દિ. મું નં. ૧૭૦/૧૯૯૭ ના કામે તા. ૨૮-૧૨-૨૦૦૭ ના રોજ અમો પ્રતિવાદી વિરુધ્ધ કરેલ હુકમ અને હુકમનામું રદ કરી વાદીનો મુળ દાવો ન્યાયના હિતમાં રદ કરવા વિનંતી કરેલ છે.

3. જ્યારે સામાવાળાઓ તરફે વિ.વ.શ્રીએ આંક-૧૩ થી લેખીત દલીલો રજુ કરેલ છે. અને પોતાની લેખીત દલીલમાં જણાવે છે કે, પ્રતિવાદી તરફે મુખ્ય તકરાર એવી લેવામાં આવેલ કે, દાવાવાળી મીલકત વાદીની મીલકત નથી પરંતુ તે સરકારી મીલકત છે અને તેમાં પ્રતિવાદીઓ છેલ્લા ૩૦ વર્ષથી કબજો કરતા આવેલ છે. પરંતુ સદર તકરારના સંદર્ભે પ્રતિવાદી તરફે સદર જમીન સરકારી જમીન હોવા સબંધી કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી તેમજ સદર મીલકત ધારણ કરવા પ્રતિવાદી/એપેલન્ટો હક્ક, હીત, અધિકાર ચાલી આવ્યા હોય તેવો કોઇ આધાર પુરાવો રજુ કરેલ નથી. વધુમાં પ્રતિવાદી તરફે જે વેચાણ દસ્તાવેજ વાદીના લાભમાં થયેલ તે વેચાણ દસ્તાવેજ તથા તે વેચાણ દસ્તાવેજ જે કુલમુખત્યાર પત્ર આધારે કરવામાં આવેલ તે કુલમુખત્યાર પત્ર કોઇપણ અદાલતમાં પડકારવામાં આવેલ ન હતો અને નથી તેમજ વાદીના લાભમા થયેલ વેચાણ દસ્તાવેજ કોઇપણ દિવાની અદાલતે રદ કરેલ નથી જેથી વિધ્ધવાન ટ્રાયલ કોર્ટે સમક્ષ રજુ થયેલા મૌખિક તથા લેખિત પુરાવા ઉપર આધાર રાખી વિધ્ધવાન ટ્રાયલ કોર્ટે પુરાવાનુ યોગ્ય મુલ્યાંકન કરી એપેલન્ટો સામે જે હુકમ કરેલ છે તે હુકમ યોગ્ય, વ્યાજબી અને કાયદેસરનો હોય આ અપીલ રદ કરવા અરજ ગુજારેલ છે.

આ અપીલ તા.**૩૦મી** માહે **: જુન, ૨૦૨૩**ના રોજ આખરી નિકાલ માટે ચોથા એડી. ડિસ્ટ્રીકટ જજ શ્રીમતી **પી.એસ.સૈની** સાહેબની રૂબરૂમાં એપેલન્ટ તરફથી વિ.વ.શ્રી **એન.જે.શ્રોફ** તથા રીસ્પોન્ડન્ટ તર્ફે વિ.વ.શ્રી **જે.એલ.ગાંધી**નાઓની હાજરીમાં નીકળવાથી આંક– **૯** ના જજમેન્ટથી એવુ હુકમનામુ કરવામાં આવે છે કે**,**

**<u>હુકમ</u>**

1. અપીલ આથી **નામંજુર** કરવામા આવે છે.

2. પારડીના વિદ્ધવાન પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબની કોર્ટમા રેગ્યુલર દિવાની મુકદમા નંબર : ૧૭૦/૧૯૯૭ ના કામે તા : ૨૮-૧૨-૨૦૦૭ ના રોજ આપવામાં આવેલ ચુકાદા તથા હુકમનામું આથી કાયમી રાખવામાં આવે છે.

3. એપેલેન્ટે પોતાનો ખર્ચ ભોગવવો અને સામાવાળાઓને ખર્ચ ચુકવવા જવાબદાર રહેશે.

4. વિ. ટ્રાયલ કોર્ટનો રેકર્ડ અને પ્રોસીડીંગ્સ આ હુકમની સહી સિક્કાવાળી નકલ સાથે મોકલી આપવી.

5. જરૂરી હુકમનામું દોરવું.

## :: અપીલનુ ખર્ચ ::

| એપેલન્ટો તરફનો | રૂપીયા | પૈસા | રીસ્પોન્ડન્ટ તરફનો | રૂપીયા | પૈસા |
|---|---|---|---|---|---|
| ૧. અપીલની યાદી માટે સ્ટાંપ | 300 | ૦૦ | ૧. મુખ્તયારનામાની સ્ટાંપ | ૦૦ | ૦૦ |
| ૨. મુખ્ત્યારનામાનો સ્ટાંપ | ૦૩ | ૦૦ | ૨. અરજીનો સ્ટાંપ | ૦૩ | ૦૦ |
| ૩. દાખલ કીધેલ કાગળો પર સ્ટાંપ | 55 | ૦૦ | ૩. દાખલ કીધેલ કાગળો પર સ્ટાંપ | ૦૦ | ૦૦ |
| ૪. પ્રોસેસ પહોચાંડવાના | 00 | ૦૦ | ૪. પ્રોસેસ પહોચાંડવાના | ૦૦ | ૦૦ |
| ૫. વકીલ ફી રૂ. ઉપર | 210 | ૦૦ | ૫. વકીલ ફી રૂ. ઉપર | 210 | ૦૦ |
| ૬. નકલ કરવાની ફી | ૦૦ | ૦૦ | ૬. નકલ કરવાની ફી | ૦૦ | ૦૦ |
| ૭. ઉપરની હકીકતો પર વકીલફી | ૦૦ | ૦૦ | ૭. હરકત અરજીનો સ્ટાંપ | ૦૦ | ૦૦ |
| | | | ૮. ઉલટ હરકતો પર વકીલ ફી | ૦૦ | ૦૦ |
| **એંકદરે ....** | **568** | **૦૦** | **એંકદરે ...** | **213** | **૦૦** |

આજ તારીખ **૩૦મી** માહે **જુન** સને **૨૦૨૩**ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા.

તૈયાર કરનાર તપાસી જોયુ બરાબર છે.

**કારકુન**

**ડેપ્યુટી રજીસ્ટ્રાર**
**બીજી એડી. ડિસ્ટ્રીકટ કોર્ટ,**
**વલસાડ મુ.વાપી.**

**(પી.એસ. સૈની)**
**ચોથા એડી. ડિસ્ટ્રીકટ જજ**
**વલસાડ મુ.વાપી.**

એપેલન્ટના વકીલશ્રી................................,

રીસ્પોન્ડન્ટના વકીલશ્રી................................

(આ મુકદમાના પક્ષકારોને એવી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ રજુ કરેલા દસ્તાવેજો માહેથી અપીલનો નીકાલ થયા પછી, કોઇપણ દસ્તાવેજ લઇ જવામાં નહી આવે તો (દસ્તાવેજ) નાશ કરવાને પાત્ર થશે.)